

Pravin Shastri
shastripravinkant@yahoo.com

## THANKS FOR YOUR COMMENTS

## પચાસ વાર્તા પછી પચાસમી વાર્તાની વાત.

## જ્યારે પ્રતિભાવ પણ એક વાર્તા બની રહે.

મારી વાર્તાઓ એટલે સાંભળેલી, જાણેલી કે અનુભવેલી વાતનું મારું અંગત મુલ્યાંકન. કોઈક નાની સત્ય વાત નજરમાં આવે એને સત્ય ઘટના તરીકે નહીં પણ જો 'આને' બદલે 'આમ' થાય તો શું.... અને હકીકતથી જુદું જ ચિત્ર માનસપટ પર દોરાઈ જાય. લોક માનસ પરની અંકિત કેડી કરતા મારા મનમાં ગોઠવાયલી વાત જૂદે માર્ગે આગળ વહેતી જાય અને તે વાર્તા બની જાય. ઘણી વાર વાચકોનો પ્રતિભાવ મળે, **"શું તમે લખ્યું એ બની શકે ખરું?..તમારી વાત વાસ્તવિકતાથી દૂર છે...વગેરે, વગેરે."**

અડધા સૈકા પહેલા હાઈસ્કુલ અને કોલેજકાળમાં લખવાનું શરૂ કર્યા બાદ લખવા વાંચવાનું બંધ કર્યું. પંચાવન વર્ષ પછી સિત્તેર વર્ષ પછી પાછું ચાલુ કર્યું. સાહિત્ય તો ભણ્યો જ નથી. હું સાહિત્યકાર નથી. ઘણીવાર જોડણીમાં પણ માર ખાઈ જાઉં છું. પણ પચાસ વાર્તા લખ્યા પછી હું વારતાકાર છું એવું મારા મિત્રોએ મારા મગજમાં ઠસાવ્યું છે. સાચું ખોટું તોાપ જ નક્કી કરી શકો. મારી વાર્તાઓ અમેરિકામાં વસેલા આપણા ગુજરાતી સમુદાયમાંથી જ આવે છે. ઘણા વિદ્વાન લેખકો વાર્તાની સાથે પોતાનું ચિંતન ઉમેરે છે. હું માત્ર ઘટનાઓનું નિરુપણ કરું છું. અર્થઘટન વાચકો પર છોડું છું. પ્રતિભાવોને માથે ચડાઉં છું. એમના ગમા અણગમાને માન પૂર્વક સ્વીકારું છું.

આવું જ બન્યું મારી તાજેતરમાં બ્લોગની વાર્તા ***"લવ, લાગણી અને લસ્ટ"***ની બાબતમાં.

***"તમારી આ વાર્તા ગમી. 'અન્ય સ્ત્રીઓ સાથેના કાલ્પનિક સહશયન અને કાલ્પનિક સમાગમ'વાળી વાત વાંચીને, મારા મનનો 'ગુન્હાઇત ભાવ' ( ગીલ્ટ ) દૂર થઇ ગયો. હું સમજતો હતો કે હું જ એકલો આવું ફીલ કરું છું. હું વિકૃત મગજનો માણસ છું. સુઇ રહું છું પત્ની સાથે અને સમાગમ દરમ્યાન કલ્પનાઓ કરું છું 'મધુબાલાઓ, મુમતાઝો, મીનાકુમારીઓ, કેટરીના કૈફો અને બિપાશા બાસુઓ' ની. સ્ત્રીઓ પણ આવી જ રીતે ગમે તેવા ગોરધન પતિઓ સાથે સુતાં સુતાં, 'સલમાનખાનો' ની કલ્પનાઓ કરીને પરાકાષ્ટા અનુભવતી જ હશે ને !"***

એક વાચકમિત્રએ લખ્યું "શાસ્ત્રી, શું અમેરિકા જેવા દેશમાં આવી બૉસ હોઈ શકે ખરી? યુવાન અમેરિકન છોકરી હેન્ડસમ યુવકને શારીરિક આકર્ષણને કારણે નોકરીએ રાખે અને ગામડિયણ વહુના ચાંલ્લાથી આગળ વધતી અટકી

જાય?" મારો જવાબ હતો."ન ધારેલુ વ્યક્તિત્વ જ વિશિષ્ઠ વારતાનું પાત્ર બને ને? અને એમણે મને વાત લખી. સાચા નામ ઠામ બદલવાની શરતે.

ગાંધીજીએ સત્યના પ્રયોગોમાં પોતાના અંગત જીવનની ઘણી વાતો લખી છે. તે ઉપરાંત એમના સેક્સ અને સેક્સ અંગે ના વિચારોની વિશે અનેક સાચી ખોટી વાતો રજુ થઈ છે.

એજ રીતે કોઈ એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને, ત્રીજી વ્યક્તિ વિશે કહેવાયલી વાતની સત્યાસત્યની ચકાસણી કરવાની માથાફોડ કરવાને બદલે મારા જેવો વાર્તાકાર બસ આ વાર્તા જ છે એમ કહે તો શું ખોટું?

તો મારા વાચક મિત્રની એમના કાકા વિશેની (સાચી?) વાત.

***આ વાત એમના કાકાની છે. એમના કહેવા મુજબ સત્ય ઘટના છે.***

***અમે બ્રાહ્મણ. મારા બાપુ ખેતી કરે અને યજમાન વૃત્તિપણ કરે. મારા કાકા એમના કરતા નાના. ભણવાને બદલે એમને મારામારીનો શોખ. બાપૂએ એમને પોલિસમાં નોકરીએ લગાવી દીધેલા. સીધા માણસોને બદલે ચોર લૂટારા સાથે લડશે તો ગામની સેવા તો થશે! બસ એમને મજા આવી. થોડા સમયમાં હેડ કોનસ્ટેબલ બની ગયા. નોકરી હતી એટલે સારા ઘરની છોકરી પણ મળી. મારા કાકી દેખાવમાં સુંદર હતા. કાકા યુવાનીનો રંગ માણે તે પહેલા કાકાનું પોસ્ટીંગ બીજા તાલુકામાં થયું.***

***એક મહિલા ટોળકી કુટણ ખાના માટે સગીરવયની છોકરીઓને ભોળવીને ભગાડી જવાનું કામ કરતી હતી. આ ટોળકી ની ભાળ માટે એક મહિલા કોનસ્ટેબલ, મારા કાકા અને મહિલા પોલિસ સબ ઈનસ્પેક્ટર ત્રણ જણાએ આગ્રા જવાનું હતું. આગ્રામાં એમને બે રૂમ મળી હતી. ખરેખર તો એક રૂમ કાકાને માટે અને એક રૂમમાં મહિલા કોનસ્ટેબલ અને મહિલા સબઈન્સ્પેક્ટરે સૂવાનું હતું. મહિલા સબઈન્પેક્ટરનો સતાવાહી હુકમ છૂટ્યો "શાંતાબાઈ તુમ અકેલી સોના. પંડિત હમારી સાથ ડ્યૂટિ કરેગા."***

***મારા કાકાના તાજા લગ્ન થયેલા હતા. નીતિ અનીતિનું તાણ પણ હતું. સંકોચાતા ગભરાતા બોસની સેવા કરવા ગયા. બોસે પોતાનો યુનિફોર્મ ઉતાર્યો. કાકાના આવરણો ઉતારવાનો હુકમ થયો. "અબ હમે આગે પીછે મસાજ કરો"... કાકાએ એની ફરજ બજાવી.... કાકા આખરે તો પુરુષ હતા.***

***ભરાવદાર નિતંબ, અને મોટા ઉરોજવાળી કસરતી કાયા માણતી વખતે પણ કાકાએ માન્યું હતું કે એ પોતાની સુંદર અને નમણી પત્ની સાથે જ છે.***

શાસ્ત્રી, આજે મારા કાકા-કાકી હયાત નથી. મારા કાકા-કાકીનું દાંપત્ય જીવન પ્રેમાળ અને સુખી હતું. સગપણમાં કાકા અને સ્નેહમાં મિત્ર એવા કાકાએ, કાકી ગુજરી ગયા પછીની કરેલી વાત છે. આજની સની લિયોનની વાત નથી. લગભગ પાંસઠ વર્ષ પહેલાની વાત છે. તમે લેખક છો. મનગમતા સ્ત્રી પુરુષ સાથે સમય ગાળતા હોય, તો તમારી અમેરિકન બોસ નાયીકા "તાન્યા"ને ૨૦૧૩માં સતી સાધ્વી ચિતરવાનો દંભ શા માટે? ઓફિસ વડાઓ મહિલા કર્મચારીઓનું જાતીય શોષણ કરતા હોય તો તમારી વાર્તાની મહિલા "બૉસ" શા માટે મીરા ભજન ગાવા બેસે?

મારી મૂળ વાર્તામાં સીધી સાદી નિર્દોષ ગૃહિણીનો વિશ્વાસ અને પ્રેમભાવ છે (લવ). તાન્યા તરલા પ્રત્યે હાર્દિક લાગણી ધરાવતી યુવતી છે તરુણ સાથેના સાનિધ્યની કલ્પના કરતા કરતા અન્ય સાથે દેહસુખ માણે છે અને તરુણ. પત્ની તરલાને પ્રેમ કરતો હોવા છતાં વિદેશી મિત્ર અને બૉસ તાન્યા પ્રત્યે સ્વાભાવિક વાસના (લસ્ટ)ધરાવતો પુરુષ છે.

***તાન્યા વિચારતી હતી.... જો મેં તરુણની ઈચ્છા સંતોષી હોત તો આજે તરુણ જીવતો હોત.... અરે! માત્ર તરુણની જ કેમ? પોતાની જ ઈચ્છાઓને બળાત્કારે કચડી ન હોત તો? ... આજે તરુણ જિવંત હોત. ફ્યુનરલ હોમને બદલે તરલાની સાથે અને મારી સમક્ષ પાર્ટી હોલમાં હોત.... ભલે લાગણીની અભિવ્યક્તી ન થઈ હોય પણ સહશયનની કાલ્પનિક અનુભૂતી તો પોતે માણી જ હતીને! તરુણની સાથે માનસિક વ્યભિચાર તો સતત કરતી રહી હતી. શું મિત્ર સાથે સેક્સ માણી ન શકાય? તરુણ તરલાને પ્રેમ કરતો હતો છતાં પૌરૂષીય વાસનાની આગ તો મેં જ ભડકાવી હતી ને? એ આગને હું ઠારી શકી હોત. મારો દોસ્ત જીવતો હોત.***

અને અંતે એક ફિલોસોફિકલ પ્રતિભાવ...



**Bharat Mehta** 12:55am Apr 14

***લવ, લાગણી અને લસ્ટ***

***I read this story. I like this too much, for some reason......The plot of story is really fantastic. The issue of sex and romance is yet not settled philosophically and it is my philosophic issues too...I meant to say here, that our culture has two antagonist--Ascetic philosophy and romantic philosophy, but romantic is yet not define....i will like more---to write down philosophy of romance....yes ?***

મારી વાર્તા માટે આપનો નિખાલસ અભિપ્રાય જણાવશો.

ઉપરોક્ત અભિપ્રાયોમાં વાચમિત્રોએ અંગત લાગણી વ્યક્ત કરી છે બધાના નામ કે ઓળખ આપવાનું ઉચિત ન કહેવાય. આપ પણ "કોણ" ની કલ્પના કરવાને બદલે એ મંતવ્ય અંગે વિચાર કરજો.

આ સાથે આપને માટે નીચે વાર્તાની લિન્ક મૂકી છે.

http://pravinshastri.files.wordpress.com/2013/04/loveandlust.pdf

(મિત્રના કાકાની વાતને શાબ્દિક રીતે સ્વચ્છ રાખવાની કોશિશ કરી છે)